# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૪૧ તા.૧૭-૧-૧૫**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ કોર્પોરેશનના તમામ કર્મચારીઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ રમતોત્સવ મુખ્યત્વે ચાર વિભાગોમાં યોજાશે (૧) ખેલકૂદ રમતો (૨) ઈન્ડોર રમતો (૩) સાંઘિક રમતો (૪) એરરાયફલ શૂટીંગ. આ રમતો અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

**: રમતોનો વિગતવાર કાર્યક્રમ :**

| ક્રમ | રમતનું નામ | વિભાગ/સંખ્યા | પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | સ્પર્ધા તારીખ અને સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | બેડમિંટન | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા.૨-૨-૧૫ સવારે ૯-૦૦ | મેમ્કો સ્પોર્ટસ સંકુલ |
| ૨ | રાયફલ શૂટીંગ | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા ૬-૨-૧૫ સવારે ૯-૦૦ | રાયફલ કલબ, ખાનપુર |
| ૩ | કેરમ | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા ૩૦-૧-૧૫ સવારે ૯-૦૦ | કાંકરિયા સ્નાનાગર, પુષ્પકુંજ |
| ૪ | ચેસ | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા.૧-૨-૧૫ સવારે ૯-૦૦ | |
| ૫ | ટેબલ ટેનિસ | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા.૩૧-૧-૧૫ સવારે ૯-૦૦ | |
| ૬ | ખેલકુદ | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા.૪-૨-૧૫ સવારે ૯-૦૦ | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૭ | કબડ્ડી ૭+૩ | ભાઈઓ/બહેનો | ૨૩-૧-૧૫ | તા.૫-૨-૧૫ બપોરે ૨-૦૦ | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૮ | ૧. દડામાર ૯+૧<br>૨.ગજગ્રાહ ૮+૨ | બહેનો | ૨૩-૧-૧૫ | તા.૪-૨-૧૫ બપોરે ૨-૦૦ | અં.પુ.વ્યા.વિદ્યાલય |
| ૯ | ૧.વોલીબોલ ૬+૪<br>૨. ગજગ્રાહ ૮+૨ | ભાઈઓ | ૨૩-૧-૧૫ | તા.૫-૨-૧૫ સવારે ૮-૦૦ | અં.પુ.વ્યા.વિદ્યાલય |

ચાલુ વર્ષે શ્રી અંબુભાઈ પુરાણી વિદ્યાલયનાં પરિપત્ર નં.૧ તા.૮-૧-૧૫માં જણાવ્યા મુજબ રમતોની સંખ્યા તથા વજન વિભાગમાં નિયમાનુસાર ભાગ લેવાનો રહેશે. શ્રી અંબુભાઈ પુરાણી વિદ્યાલયમાંથી સદર પરિપત્ર મેળવી શકાશે. રમતોત્સવમાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ, ચાલુ દિવસોમાં સવારે ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી અંબુભાઈ પુરાણી મ્યુનિ. વ્યાયામ વિદ્યાલય,કાંકરિયા ખાતેથી મળશે અને ત્યાંજ સ્વીકારવામાં આવશે.વધુ માહિતી માટે ફોન નં. ૦૭૯-૨૫૪૫૩૫૯૧ પર સંપર્ક કરવો. આ પરિપત્રની નોંધ દરેક કર્મચારીઓને લેવડાવવી

તા.૧૭-૧-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૨ તા.૧૭-૦૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧ ૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.**

**સંદર્ભ :-ઝેડ.એસ.ડી.નં.૬૩૪/તા.૮-૧-૧૫ અન્વયે**

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે કમલાનહેરૂ ઝુલોજીકલ ગાર્ડન, કાંકરિયા,, અમદાવાદ દ્વારા ૩૦ જાન્યુઆરી સુધી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ અઠવાડિયા દરમ્યાન શહેરના બાળકોએ વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર આ અઠવાડિયા દરમ્યાન ૧૨ વર્ષ સુધીના બાળકોને દર સોમવાર સિવાય 'ઝુ' માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. કાંકરિયા પ્રાણીસંગ્રહાલય સિવાય અન્ય વિભાગોમાં રાબેતા મુજબ ટીકીટ મેળવી પ્રવેશ આપવામાં આવશે. આ તમામ બાબતો જાણમાં લઈ બાળકો આ લાભ ઉઠાવી શકે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

તા.૧૭-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ